
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બાપા.. સરકારી હેલીકોપ્ટર તો આપણને લેવા આવી ગયું.... પણ બાપા એ 'આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ' માંગશે તો...!!

# ઢોરવાડાની સ્વચ્છતા સહિતની બાબતો અંગે તપાસ કરાવવા વીએચપીની માંગ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મનપા સંચાલિત ઢોર ડબ્બામાં ગેરવ્યવસ્થાને લઈ આજે વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ ગાંધીનગર દ્વારા મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર આપવામાં આવેલ છે.

આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યા મુજબ ભારે વરસાદને પગલે આ ઢોરવાડો કાદવ-કીચડથી ખદબદી રહ્યો છે અને નર્ક કરતાં પણ ખરાબ સ્થિતિ અહિ રખાયેલા પશુધન માટે છે.

આ ઢોરવાડામાં અત્યાર સુધીમાં ૮૫ જેટલુ પશુધન મૃત્યુ પામ્યુ હોવાની ચોંકાવનારી હકીકતો પણ બહાર આવી છે જે ખુબજ દુઃખદાયક છે. ચોમાસામાં પણ સફાઈ કરવામાં નહિ આવતી હોવાની હકીકતો જાણવા અને જોવા મળી છે.

આ બધી બાબતોની તપાસ કરવાની માંગ કરતાં આવેદનપત્રમાં અમદાવાદ ગૌશાળામાં મોકલાવી છે તે બારોબાર વેચી મારવાનું રેકેટ ચાલતુ હોવાનું પણ જણાવ્યુ છે કે યોગ્ય તપાસ કરી તાત્કાલિક પગલાં લો નહિ તો આંદોલન કરવાની ફરજ પડશે.



આવેદનપત્ર આપવા આવેલા કાર્યકરોએ મ્યુનિ. કમિશનરશ્રીની કચેરી આગળ રામધૂન પણ બોલાવી હતી.

# રાષ્ટ્રીય કક્ષાની જમ્પરોપ સ્પર્ધામાં ગુજરાતને ૨૨ મેડલ્સ

ગાંધીનગર, તા. ૩૧

જમ્પરોપની રમતની રાષ્ટ્રીય કક્ષાની સિનિયર કેટેગરીની સ્પર્ધામાં ગુજરાતની ટીમે ૨૨ મેડલ્સ જીતી છે. આ ટીમના ૨૧ ખેલાડીઓએ મળી કુલ ૨૨ ચંદ્રકો જીતી સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરવા સાથે સમગ્ર દેશમાં રાજ્યનું ગૌરવ વધાર્યુ છે.



સમગ્ર દેશમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરવા સાથે રાજ્યનું ગૌરવ વધાર્યુ છે. આ ટીમમાં ૨૧ ખેલાડીઓ સામેલ થયા હતા.

ઝારખંડના રાંચી ખાતે તા. ૨૭મી જુલાઈથી તા. ૩૦મી જુલાઈ દરમ્યાન યોજાયેલ છે. જમ્પરોપ રમતની ૧૪મી સિનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ ખેલાડીઓના આ પ્રદર્શનને પગલે જમ્પરોપ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહિલ તથા મંત્રી ધર્મેશ પરમારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જમ્પરોપની રમત ગુજરાતમાં દિન-પ્રતિદિન લોકપ્રિયતા પામતી જાય છે જેના કારણે આ રમતનુ ભવિષ્ય ઉજ્જવળ જણાય છે.

# આલમપુરના તલાટીને ફરજ મોકૂફ કરી દેવાયા

ગાંધીનગર તાલુકાના આલમપુર ગામના તલાટીને ફરજ પરના સ્થળ પર હાજર નહિ રહેવા અને ફરજમાં નિષ્કાળજી બતાવવા માટે જિલ્લાકક્ષાએથી ફરજ મોકુફી હેઠળ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લાતંત્ર દ્વારા લેવાયેલ આ નિર્ણયને પગલે તલાટી સંવર્ગમાં સન્નાટો વ્યાપી ગયેલ છે. જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ અંગે અપાયેલ એલર્ટ અને ફરજનું સ્થળ નહિ છોડવા અંગેની અપાયેલી સૂચનાનો ભંગ આલમપુરના તલાટી દ્વારા કરવામાં આવેલ જે તપાસ દરમ્યાન બહાર આવતાં તંત્ર દ્વારા આ આકરો નિર્ણય લેવામાં આવેલ છે. તંત્રના આ નિર્ણયને લઈ તલાટી સંવર્ગ તેમજ પંચાયતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જિલ્લામાં પહેલીવાર તંત્ર દ્વારા આકરો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ઈન્દ્રોડાના ગ્રામજનો દ્વારા દશામા મૂર્તિ વિસર્જનની વ્યવસ્થાનું ભવ્ય આયોજન

## રાજભવન ક્વાર્ટરની બાજુમાં પણ મૂર્તિ વિસર્જન માટે લાઈટ, પાણી અને પ્રસાદીના વિતરણની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા.૩૧

અમાસના દિવસથી દશામાનું વ્રત કરનાર બહેનોનું જાગરણ મંગળવારના રોજ છે. જાગરણ બાદ મહિલાઓ માતાજીનું ઉત્થાપન કરીને નદી કિનારે મૂર્તિનું વિસર્જન કરે છે. ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામ ખાતે વર્ષોથી હજ્જારો ભકતો માતાજીની મૂર્તિના વિસર્જન માટે આવે છે.ત્યારે સમસ્ત ઈન્દ્રોડા ગ્રામજનો દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઈન્દ્રોડા ગામથી નદી સુધી જવાના માર્ગમાં લાઈટ, ચા-પાણી, તેમજ લોક સહકારથી પ્રસાદી વિતરણનું આયોજન કરાયુ છે. ગ્રામજનો દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે જેનો લાભ ભકતો તેમજ નાગરીકોએ લેવા અનુરોધ કરાયો છે.



જયારે મૂર્તિ પધરાવવા માટે આવતા ભકતો તેમજ નગરજનોને તાકીદ કરવામાં આવે છે કે ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે હાલમાં નદીમાં પાણીનો પ્રવાહ ચાલુ છે જેને પગલે ભકતોએ મૂર્તિ ઉંડે સુધી પધરાવવાનો આગ્રહ રાખવો નહીં. જેથી કોઈ મોટી દુર્ઘટનાથી બચી શકાય તેવો અનુરોધ ગ્રામજનો તેમજ સ્થાનિક કાઉન્સીલર હસમુખ મકવાણા (લાલભાઈ)દ્વારા કરવામાં આવે છે. છેલ્લા પચ્ચીસ વર્ષથી આપવામાં આવતી આ સેવાનો લાભ લેવા અને સેવામાં સાથ-સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજભવન સ્ટાફ કવાર્ટસની બાજુમાં પણ પરંપરાગત દશામાની મૂર્તિના વિસર્જન માટે યુવક મંડળ દ્વારા લાઈટ તેમજ પાર્કીગની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે વિસર્જન માટે આવનાર તમામ ભકતો અને નાગરીકો માટે ચા-પાણી અને ૩૦ મણ બુંદીનો પ્રસાદ વિતરણ કરવામાં આવશે. જયારે નદીમાં પાણીના પ્રવાહને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૧૦ જેટલા તરવૈયા પણ વિસર્જન વખતે સેવા માટે હાજર રહેશે. પરંતુ પાણીમાં ઉંડા ન જવા માટે અનુરોધ કરાયો છે.

### બે ડીડીઓ અને નવ અધિક કલેક્ટરો બનાસ-પાટણમાં

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ભારે પૂરની સ્થિતિને ધ્યાને રાખી રાજ્ય સરકારે સુરત ડીડીઓને બનાસકાંઠામાં અને વલસાડ ડીડીઓને પાટણ જિલ્લામાં વધારાની ખાસ જવાબદારી સાથે ફરજ પર મુકવાના હુકમો કર્યા છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે નવ જેટલા અધિક કલેક્ટરોને પણ બનાસકાંઠાની સ્થિતિને ધ્યાને રાખી બનાસકાંઠા કલેક્ટર હસ્તક તેમની સેવાઓ મુકી છે. આ અધિકારીઓએ તાત્કાલિક તેમની ફરજના સ્થળે હાજર થવાનુ રહેશે તેમ પણ આ હુકમમાં જણાવવામાં આવ્યું છે.

# જિલ્લાની વેટરનરી તબીબોની ૧૦ ટીમો પાટણ પહોંચી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાંથી પાટણ જિલ્લામાં ફરજો બજાવવા માટે ૧૦ ગ્રામસેવક, ૧ વિસ્તરણ અધિકારી તેમજ ૧૦ જેટલા વેટરનરી મેડીકલ ઓફિસરો મોકલવામાં આવશે. વેટરનરી તબીબી અધિકારીઓની ટીમ રવાના થઈ ચુકી છે જયારે ગ્રામસેવકોની ટીમ આજે સવારે થશે. અત્યાર સુધીમાં નુકશાનીના સર્વેલન્સ માટે પાંચ ટીમો તેમજ આરોગ્ય સેવાઓ માટે પાંચ ટીમો બનાવી રવાના કરી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પૂરરાહતની વિવિધ કામગીરી માટે જિલ્લામાંથી ૪૫થી વધુ કર્મચારીઓને અત્યાર સુધી મોકલવામાં આવ્યા છે. હજુ પણ જરૂર પડ્યે વધુ કર્મચારી-અધિકારીને મોકલવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણમાં જળસંકટને લઈ પુનઃવસનની કામગીરી ઝડપી બને તેમજ જનજીવન પૂર્વવત બને તે માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજ્ય મંત્રીમંડળના ૧૦ સભ્યો તથા ૧૫થી વધુ ઉચ્ચ સનદી અધિકારીઓ ત્યાં પહોંચેલા છે. આ બન્ને જિલ્લાઓમાં અન્ય જિલ્લાઓમાંથી ૫૦૦થી પણ વધુ કર્મચારીઓને ખાસ ફરજો વિવિધ પ્રકારની સોંપવામાં આવેલ છે.



રાહત ફંડ : ઉત્તર ગુજરાતના પૂરપીડિતો માટે મુખ્યમંત્રીના રાહત ફંડમાં ગાંધીનગરના અગ્રણી શ્રોફ શ્રી અશોકભાઈ પટેલ, શ્રી પરસોત્તમભાઈ પટેલ અને રમેશભાઈ પટેલે ગાંધીનગરના કલેક્ટર શ્રી સતીષભાઈ પટેલને એક લાખ એક હજારનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી પ્રવીણ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### પૂનમે બ્રહ્મભવન ખાતે સમૂહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તા. ૭મી ઓગષ્ટે સોમવારે શ્રાવણી પૂનમના દિવસે સે-૧૬માં સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે કાનજીભાઈ શાસ્ત્રીના આચાર્યપદે સમૂહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૭મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ કલાકે યજ્ઞોપવિત બદલવા માટે પૂજામાં બેસવાનું આસન તથા પંચપાત્ર સાથે તમામ બ્રહ્મબંધુઓને ઉપસ્થિત રહેવા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ તથા મહામંત્રી નરેશ દવેએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે બૉટનીમાં માસ્ટર ડિગ્રી કોર્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સુવિખ્યાત કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સેક્ટર-૧૫માં યુનિવર્સિટી કેમ્પસ ખાતે રિસર્ચ એન્ડ સાયન્સ ફેકલ્ટી ખાતે બૉટની સબ્જેક્ટમાં માસ્ટર ડિગ્રી કોર્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમમાં બીએસસીમાં 'બી' સ્ટ્રીમમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર બની શકશે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. રાજમલ જૈને જણાવ્યુ હતુ કે યુનિવર્સિટીના સેક્ટર-૧૫ સંકુલ ખાતે બૉટની વિષયનો પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ પ્રારંભ કરવામાં આવ્યો છે. અગાઉ આ અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીના સ્નાતક વિદ્યાર્થીઓને બહાર જવુ પડતુ હતુ. હવે બીએસસીમાં 'બી' સ્ટ્રીમમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ બૉટની વિષયમાં માસ્ટર ડિગ્રી કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતેથી જ મેળવી શકશે. આ અભ્યાસક્રમ માટે વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૪૨૭૦૦૧૯૭૨ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ જલ્પા સંજયસિંહ વાઘેલા હતું તે બદલીને મારું નવું નામ જલ્પાબા સંજયસિંહ વાઘેલા રાખેલ છે.

**જલ્પાબા સંજયસિંહ વાઘેલા**
૫૬૪૧, શ્રીનાથ સોસાયટી,
પેથાપુર, ગાંધીનગર

**શ્રી રામદેવ કલર કામ માટે**

રોયલ, પ્લાસ્ટિક પેઈન્ટ, લાપી-અસ્તર, રોયલ, એપેક્ષ તેમજ દરેક પ્રકારનું કલરકામ લેબર તથા મટીરીયલ સાથે સંતોષકારક કરી આપવામાં આવશે. P.O.P. ડિઝાઈન

**મો. ૯૬૦૧૦૪૭૮૪૧**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા.મ. વિભાગ**
**જાહેર નિવિદા નં. ૬/૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | | તા.૨૧/૮/૨૦૧૭ સમય : ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.)થી | | તા. ૨૮/૮/૨૦૧૮ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | | તા. ૨૨/૮/૨૦૧૭ સમય ૧૨.૩૦ કલાક |
| ૧. | કન્સ્ટ્રક્શન ઓફ પંચાયત હાઉસ એટ વેરીયસ વિલેજ ઈન ગાંધીનગર તાલુકા, જી. ગાંધીનગર | અં.રકમ રૂ. ૪૫.૦૨ લાખ |
| ૨. | કન્સ્ટ્રક્શન ઓફ પ્રોટેક્શન અન્ડ એસઆર ઈન તાલુકા દહેગામ પે.ન.એસઆર/દહેગામ/૦૯/૨૦૧૭-૧૮, તા.જી. ગાંધીનગર | અં. રકમ રૂ.૧૧૯.૯૭ લાખ |
| ૩. | કન્સ્ટ્રક્શન ઓફ રોડ અન્ડર એસઆર ટુ મોટીશિહોલી ટુ બળીયાદેવ એપ્રોચ રોડ ઈન તાલુકા ગાંધીનગર | અ.રકમ રૂ. ૨૪.૧૭ લાખ |
| ૪. | કન્સ્ટ્રક્શન ઓફવેટરનરી ડીસ્પેન્સરી એટ વિલેજ ચેખલાપગી દહેગામ તાલુકા, જી. ગાંધીનગર | અ.રકમ રૂ. ૧૪.૭૫ લાખ |
| ૫. | કન્સ્ટ્રક્શન ઓફ વેટરનરી ડીસ્પેન્સરી એટ વેરીયલ વિલેજ ઈન તાલુકા ગાંધીનગર એન્ડ કલોલ | અ.રકમ રૂ. ૨૯,૫૧,૧૬૭.૪૪ |
| ૬. | કન્સ્ટ્રક્શન ઓફ પંચાયત હાઉસ એટ વિલેજ સબાસપુર, તા. કલોલ, જી. ગાંધીનગર | અ.રકમ રૂ. ૧૨.૪૦ લાખ |
| ૭. | કન્સ્ટ્રક્શન ઓફ રોડ ફોર્મ અંબોડ મહાકાળી મંદિર ટુ સાબરમતી રીવર એન્ડ ઓપોઝીટ સાઈડ ઓફ રીવર બેંક વિલેજ ઈન્દ્રાજપુરા ટુ રીવર બેંક, તા. માણસા, જિ. ગાંધીનગર | અ.રકમ રૂ. ૪૯.૩૮ લાખ |
| ૮. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર સુવિધાપથ (નોર્મલ) ઈન તાલુકા દહેગામ, પે.નં. સુવિધા પથ/નોર્મલ/દહેગામ/૧૫/૨૦૧૬-૧૭, તા. દહેગામ | અ.રકમ રૂ. ૯૬.૭૧ લાખ |
| ૯. | કન્સ્ટ્રક્શન ઓફ પ્રાર્થના હોલ એટ વિલેજ પીયજ, તા. કલોલ | અ.રકમ રૂ. ૯.૮૭ લાખ |
| ૧૦. | કન્સ્ટ્રક્શન ઓફ અગાટીયાપર (બિલોદરા) ટુ નારયણપુરા (પાલડી વ્યાસ) જોઈનીંગ રોડ/૨૦૧૬-૧૭ તા. માણસા, જી. ગાંધીનગર | અ.રકમ રૂ. ૪૭.૮૨ લાખ |

માહિતી/૧૨૧૮/૧૭-૧૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



**પૂરપીડિતોની પડખે સરકાર અને સમાજ**

શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત

**મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપવા મુખ્યમંત્રીશ્રીની અપીલ**

ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરની કુદરતી આપત્તિમાં પીડિતોની પડખે રહી તેમને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપવા સહિત મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અપીલ કરી છે.

**મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં કેવી રીતે ફાળો આપી શકાશે ?**

મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ફાળો આપવા માટે

"Chief Minister Relief Fund" અથવા "મુખ્યમંત્રી રાહતનિધિ"ના નામે ચેક/ડ્રાફ્ટ મોકલાવી અથવા નેટ બેકિંગથી પણ જમા કરવા વિનંતી


બેંક એકાઉન્ટની વિગત
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,
ન્યુ સચિવાલય (૦૮૪૩૪) શાખા,
સચિવાલય, ગાંધીનગર.
બેંક એકાઉન્ટ નંબર : 10354901554
IFSC Code : SBIN0008434

ચેક મોકલવાનું સરનામું
સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીનું રાહતફંડ,
મહેસુલ વિભાગ, બ્લોક નં.૧૧,
૭મો માળ, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

જિલ્લાકક્ષાએ કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીને તથા તાલુકાકક્ષાએ મામલતદારશ્રીને મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાં ફાળો સ્વીકારવા અધિકૃત કરેલ છે.

મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં અપાયેલ ફાળો આવકવેરા ધારાની કલમ ૮૦-જી હેઠળ ૧૦૦ ટકા કરમુક્તિને પાત્ર છે.

આવો...
મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં
ઉદાર હાથે ફાળો આપી આપણે સૌ
પૂરપીડિતોની પડખે હોવાનો અહેસાસ કરાવીએ...



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

માહિતી ૨૦૧૭-૧૮ (૩૯)